

# કોચ

## પ્રેમ મેચ

સ્વાગત છે આપનું "ચેમ્પિયન્સ આત્માના ફળ દ્વારા" માં! તમારો ધ્યેય છે તમારા વિદ્યાર્થીઓને ચેમ્પિયન બનવામાં સહાય કરવાનો. આમ કરવા માટે, તેઓને દૈનિક જીવનમાં આત્માના ફળને કાર્યકારી રૂપમાં મૂકવાની જરૂર છે. મોટાભાગના રવિવાર સ્કૂલના કાર્યક્રમો ચર્ચમાં હોય છે, અને અઠવાડિયા દરમિયાન હોમવર્કની જરૂર હોતી નથી. જો કે, તમારા વિદ્યાર્થીઓ તેના વિશે શીખીને તેમના જીવનના પાપોને "હરાવી" શકતા નથી. તેઓએ ખરેખર "રિંગની અંદર" આવવું પડશે અને અઠવાડિયા દરમિયાન તેઓ જે વાસ્તવિક પાપનો સામનો કરશે તેની સામે લડવું પડશે. પ્રમાણિકપણે, અને વિષે તપાસ કર્યા વિના, આ કરવું લગભગ અશક્ય બનશે. કૃપા કરીને "તેમના શબ્દ પર વિશ્વાસ કરશો નહીં" અને સ્વીકારી ના લેશો જ્યારે વિદ્યાર્થીઓ કહે કે તેઓએ એસાઇનમેન્ટ કરી લીધું છે. જો તમે આ પ્રોગ્રામ વિશે ઢીલા પડશો, તો તમે તમારા વિદ્યાર્થીઓને તમને જૂઠું બોલવા માટે તાલીમ આપી શકશો. જો કે, મારી સાથે કલ્પના કરો કે જો તમે ખરેખર તમારા વિદ્યાર્થીઓને કોચિંગ આપી શકો છો, અને ટ્રેક કરી શકો કે તેઓ હોમવર્ક કરી રહ્યા છે, તો તમે તેમના જીવનમાં વાસ્તવિક પરિવર્તન જોશો. ફક્ત એક જ વર્ષમાં, તમે તેમની જીંદગીમાં પરિવર્તન લાવી શકો છો! તમારા વિદ્યાર્થીઓ આત્માના ફળને યાદ રાખશે નહીં, પરંતુ વાસ્તવમાં તેને જીવવાનું શીખશે!

### તમારી જવાબદારીઓ:

- 3-5 બાળકોને કોચિંગ આપે
- વિધાર્થીઓ સાથે એસાઇન્મેન્ટની ચર્ચા કરવા માટે અને ચેમ્પિયન્સ બનવા માટે પ્રોત્સાહિત કરવા માટે દર અઠવાડિયે ક્લાસ પહેલા અને પછી 5 મિનિટ માટે વિધાર્થીઓને મળો.

- એસાઇનમેન્ટની યાદ અપાવવા માટે દર અઠવાડિયે વિદ્યાર્થીઓને કૉલ/ટેક્સ્ટ દ્વારા સૂચિત કરો. (સૂચિત = મંગળવાર)
- પૂર્ણ થયેલ એસાઇનમેન્ટનો રિપોર્ટ મેળવવા માટે અઠવાડિયે બીજી વાર વિદ્યાર્થીઓને કૉલ/ટેક્સ્ટ દ્વારા સૂચિત કરો. (સૂચિત = શુક્રવાર)
- નાના જૂથના બાળકો માટે કરવામાં આવેલ એસાઇન્મેન્ટનો ટ્રેક રાખો અને હેડ કોચની દર અઠવાડિયે જાણ કરો.

## પુરસ્કારો:

કોચ બનવાનો મહત્વપૂર્ણ ભાગ એ છે કે તમારા વિદ્યાર્થીઓને વિજેતાઓ જેવો હેષા આપવો. આનો અર્થ એ છે કે તમે જે વર્તનની અપેક્ષા રાખી રહ્યા છો તેને તમારે વ્યાખ્યાયિત કરવાની અને તે વર્તનને પુરસ્કાર આપવાની જરૂર છે.


## નાના-નાના સામાહિક પુરસ્કારો:

- હગ (આલિંગન)
- હાઇ-ફાઇવ્સ
- તેમના શર્ટ પર સ્ટીકર
- હાથ પર સ્ટેમ્પ
- નાની કેન્ડી

## મહિનાના અંતે મોટા પુરસ્કારો:

- બાળકોને સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રકો આપવાના પુરસ્કાર સમારોહ. (3 અઠવાડિયાના એસાઇન્મેન્ટ માટે કાંસ્ય, 4 અઠવાડિયા માટે રજત, અને 5 અઠવાડિયા માટે સુવર્ણ ચંદ્રક. વૈકલ્પિક રીતે, તમે 2 પંચ માટે કાંસ્ય, 3 પંચ માટે રજત અને અઠવાડિયામાં 4 પંચ માટે સુવર્ણ પણ આપી શકો છો.)
- તમારા ઘરે એક પાર્ટી
- પ્રમાણપત્રો
- ચર્ચમાં પુખ્ત લોકોની સામે ચર્ચમાં કંઈક મોટું આપવું
- ટ્રોફી

તમારા વિદ્યાર્થીઓને આત્માના ફળમાં કોચિંગ કરવાના પડકારમાં આપણા ઈશ્વર તમને પ્રેરણા આપે એવી શુભેચ્છા!



## મેચ 1



### 1. પ્રેમ વિ. સ્વાર્થ

ઈસુ ક્રોસ પર મૃત્યુ પામે છે


(મેથ્યુ 27:27-56)

સ્મૃતિ શ્લોક: યોહાનનો પહેલો પત્ર 3:16

"એથી આપણે પ્રેમ શું છે તે જાણીએ છીએ, કેમ કે તેમણે પોતાનો પ્રાણ આપણા બદલે આપ્યો. અને આપણે પણ ભાઈઓને માટે આપણા પ્રાણો આપવા જોઈએ."

## રિંગની અંદર

તમારા મિત્રો સૂચવે તે રમત રમો, તેમની ઈચ્છા પ્રમાણેના સમયે રમો (જો તમારી પાસે પરવાનગી હોય) અને ત્યાં સુધી રમો જ્યાં સુધી તે ચાહે. તેમને ના કહેશો કે તમારે શું રમવાની ઈચ્છા છે. આ સમયે, તમારી ઈચ્છાઓનું મહત્વ નથી, કારણ કે તમે પોતાના માટે વિચાર કર્યા વિના, વાસ્તવિક પ્રેમ દર્શાવી રહ્યાં છો.



# મેચ ૮



## 2. પ્રેમ વી. ન્યાયિક અભિગમ

ધૂળનો ધબ્બો અને પાટિયું

(મેથ્યુ 7:1-5)


સ્મૃતિ શ્લોક: માથ્થી 7:1-2

"1તમે કોઈને દોષિત ન ઠરાવો, એ માટે કે તમને કોઈ દોષિત ન ઠરાવે. 2કેમ કે જેમ તમે બીજાને દોષિત ઠરાવશો તેમ તેઓ તમને પણ દોષિત ઠરાવશે. અને  જે માપથી તમે માપી આપો છો, તેથી જ તમને માપી આપવામાં આવશે. "

## રિંગની અંદર

કોઈને "શાબાશ" કહો અને તેમના વિષે તમને જે કંઈ સારું દેખાય તેની પ્રશંસા કરો. દિવસભર તમારી સાથે એક નાનો પોકેટ મિરર/દર્પણ લાવો. જ્યારે તમે કોઈને ન્યાય કરવા લલચાવ, ત્યારે પોકેટ મિરર લો અને પોતાને જુઓ. પોતાને યાદ કરાવો કે તમારે અન્ય લોકોને તેમની ભૂલોને આજે સુધારવા માટે મદદ કરવાની જરૂર નથી.

## મેચ 3



### 3. પ્રેમ વિ. નફરત

જુડાસ જીસસને દગો દે છે

(મેથ્યુ 26:14-16)

સ્મૃતિ શ્લોક: યોહાનનો પહેલો પત્ર 4:20

"જો કોઈ કહે, “હું ઈશ્વર પર પ્રેમ રાખું છું” પણ તે પોતાના ભાઈ પર દ્વેષ રાખે છે, તો તે જૂઠો છે; કેમ કે પોતાનો ભાઇ જેને તેણે જોયો છે તેના પર જો તે પ્રેમ રાખતો નથી, તો ઈશ્વર જેમને તેણે જોયા નથી તેમના પર તે પ્રેમ રાખી શકતો નથી."

### રિંગની અંદર

તમને જે નાપસંદ છે તેમના માટે કંઈક સારું કરો. જ્યારે તમે કોઇ બીજાને છેતરપિંડી કરતા અથવા કોઈની સાથે માથાકૂટ કરતા જુઓ ત્યારે તમારી જીભ પર કાબુ રાખો. તેમની સામે ના બોલો કે મુશ્કેલીમાં ન આવો.

## મેચ ૫



### પ્રેમ વિ. સ્વ-સમર્થન

સારી સમરિટાનનું દ્રષ્ટાંત


(લ્યુક 10:25-37)

સ્મૃતિ શ્લોક: લૂક 10:27

“તેણે ઉત્તર આપ્યો, “તારા ઈશ્વર પ્રભુ પર તારા ખરા હૃદયથી તથા તારા ખરા જીવથી તથા તારા પૂરા સામર્થ્યથી તથા તારા ખરા મનથી પ્રેમ રાખવો. અને  જેવો પોતાના પર તેવો તારા પડોશી પર [પ્રેમ રાખવો].”

### રિંગની અંદર

આ અઠવાડીએ કોઈ જરૂરતમંદની મદદ કરવા માટે રોકાઓ, તે ન કરવા માટેના તમામ બહાનાઓને અવગણીને. કોઇ એવા વ્યક્તિ માટે કંઈક ખાસ કરો જે સમાજમાં તમારા સ્તર પર ન હોય.



## મેચ 5



### 5. પ્રેમ વિ. આધ્યાત્મિક આડંબર
ડેવિડની રાજા તરીકે પસંદગી

(1 સેમ્યુઅલ 16:1-13)
સ્મૃતિ શ્લોકઃ કરિંથીઓને પહેલો પત્ર 13:4-7

"પ્રેમ સહનશીલ તથા પરોપકારી છે. પ્રેમ અદેખાઈ કરતો નથી, પ્રેમ આપવડાઈ કરતો નથી, ફુલાઈ જતો નથી, અયોગ્ય રીતે વર્તતો નથી, પોતાનું જ [હિત] જોતો નથી ખીજવાતો નથી, અપકારને લેખવતો નથી; અન્યાયમાં હરખાતો નથી, પણ સત્યમાં હરખાય છે. બધું ખમે છે, બધું ખરું માને છે, બધાની આશા રાખે છે, બધું સહન કરે છે."



### રિંગની અંદર

ઈશ્વરને પૂછો કે શું એવી કોઈ આધ્યાત્મિક પ્રણાલી છે જે તમારે પ્રેમ પર ધ્યાન આપતાની સાથે બંધ કરવી જોઈએ. આ અઠવાડિયે પ્રેમ દર્શાવવા માટે વધુ ક્રિયાઓ કરો: ગર્વ ન કરો, અન્ય લોકો માટે જે શ્રેષ્ઠ છે તે કરો નહિ કે પોતાને માટે, અને લોકો જે ખોટું કરે તેના માટે તેમણે જવાબદાર ન ઠેરવો.

## વિદ્યાર્થીઓ

**1.** ______________________________

______________________________

**મેચો**

| 1 | 2 | 3 | 4 | 5 | |
|---|---|---|---|---|---|
| | | | | | પ્રહાર |
| | | | | | ક્રોસ |
| | | | | | હૂક |
| | | | | | અપરકટ |

**2.** ______________________________

______________________________

**મેચો**

| 1 | 2 | 3 | 4 | 5 | |
|---|---|---|---|---|---|
| | | | | | પ્રહાર |
| | | | | | ક્રોસ |
| | | | | | હૂક |
| | | | | | અપરકટ |

3. ______________________________

______________________________

**મેચો**

| 1 | 2 | 3 | 4 | 5 | |
|---|---|---|---|---|---|
| | | | | | પ્રહાર |
| | | | | | ક્રોસ |
| | | | | | હૂક |
| | | | | | અપરકટ |

4. ______________________________

______________________________

મેચો

| 1 | 2 | 3 | 4 | 5 | |
|---|---|---|---|---|---|
| | | | | | પ્રહાર |
| | | | | | ક્રોસ |
| | | | | | હૂક |
| | | | | | અપરકટ |

5. ______________________________

______________________________

**મેચો**

| 1 | 2 | 3 | 4 | 5 | |
|---|---|---|---|---|---|
| | | | | | પ્રહાર |
| | | | | | ક્રોસ |
| | | | | | હૂક |
| | | | | | અપરકટ |

6. ______________________________

______________________________

મેચો

| 1 | 2 | 3 | 4 | 5 | |
|---|---|---|---|---|---|
| | | | | | પ્રહાર |
| | | | | | ક્રોસ |
| | | | | | હૂક |
| | | | | | અપરકટ |